એપ્રિલ 14, 2020

પ્રિય માતાપિતા અને વાલીઓ,

આપણે ટોરન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડમાં ઘેર બેઠા શિક્ષણના બીજા અઠવાડિયામાં દાખલ થઈએ છીએ ત્યારે, હું તમારી ભાગીદારી અને ધીરજ બદલ આભાર માનવા માગું છું, કારણ કે આપણે વિદ્યાર્થીઓને અને શિક્ષકોને રૂબરૂ શિક્ષણથી દૂરસ્થ -દૂરથી અપાતા- શિક્ષણ તરફ વળવામાં મદદ કરી રહ્યા છીએ.

તમારામાંથી ઘણાએ સંભવતઃ સાંભળ્યું હશે કે પ્રીમિયર ડગ ફોર્ડે આજે જાહેરાત કરી હતી કે અગાઉ જણાવ્યા મુજબ 4 મેના રોજ વિદ્યાર્થીઓ શાળામાં પાછા નહીં આવે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આનો અર્થ એ નથી કે શાળા-વર્ષ રદ થયેલ છે અને એ કે આગામી દિવસોમાં શિક્ષણ મંત્રી વધુ વિગતો આપશે. અમને જેટલી ઝડપથી જાણ થશે અને સહિયારી કરવા યોગ્ય વિગતો પ્રાપ્ત થશે, અમે તેની જાણ કરીશું.

અમે જાણીએ છીએ કે પરિવારો પાસે ઘણા પ્રશ્નો છે તથા અત્યારે અનેક પડકારોનો સામનો કરવો પડે છે અને અમારો સ્ટાફ શક્ય એટલો સહાયક બનવા માંગે છે. પરિણામે, પરિવારો સાથે શિક્ષકો જુદી જુદી રીતે જોડાય છે, જેમ કે ગૂગલ ક્લાસરૂમ અથવા બ્રાઇટ્સ્પેસ જેવા સૉફ્ટવેર પ્લેટફોર્મ પર કે ઈમેઇલ, ફોન અથવા સીધા પત્ર દ્વારા.

આપણે છેલ્લાં બે સપ્તાહમાં આ પ્રક્રિયામાં સાથે મળીને કામ કર્યું હોવાથી, અમને વિદ્યાર્થીઓ, પરિવારો અને સ્ટાફ તરફથી મૂલ્યવાન પ્રતિસાદ મળ્યો છે. આપવામાં આવેલ સૂચનો અને ચિંતાઓ વ્યાપકપણે અલગ અલગ છે. આપણે આગળ વધીએ છીએ ત્યારે, અમારા પ્રતિસાદમાં સહાય થાય તે માટે, અમારા કાર્યને માર્ગદર્શન આપવાના પાંચ સિદ્ધાંતો છે:

1. દરેકના આરોગ્ય અને સુખાકારીને પ્રાધાન્ય આપવું.
2. વિવિધ રીતે ભણવાનું ચાલુ રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.
3. એક બીજા સાથેના સંબંધો અને જોડાણ જાળવી રાખવાં.
4. તમામ વિદ્યાર્થીઓને વ્યસ્ત રાખવા, ખાસ કરીને જેઓ ઐતિહાસિક રીતે ઓછી સેવા પામ્યા છે અને જેઓ વિવિધ કારણોસર દૂરથી અપાતા શિક્ષણમાં અસરકારક રીતે ભાગ લઈ શકતા ન હોય.
5. આ દૂર સ્થિત જગ્યામાં અસરકારક બનવા માટે સ્ટાફની ક્ષમતાનું નિર્માણ કરવું.

મહેરબાની કરીને જાણો કે અમે દરેક વિદ્યાર્થીને દૂર રહીને અને સુરક્ષિત રીતે ઘરે શીખવાની તક પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છીએ. આ દૂરસ્થ ભણતર વાતાવરણમાં શક્ય તેટલી અસરકારક રીતે તમારા બાળકોની સેવા કરવા માટે, અમે અમારા સંભાળ રાખનારા કર્મચારીઓને પણ ટેકો આપીએ છીએ. હંમેશની માફક, અમે તમને અદ્યતન માહિતી આપવાનું ચાલુ રાખીશું. આ વિશેની માહિતી તમને નીચે મળશે:

- વિદ્યાર્થીઓ માટે ઑનલાઇન સલામતી
- ઉપકરણોનું વિતરણ
- ફીલ્ડ ટ્રિપ્સ, ગ્રેજ્યુએશન અને અન્ય પ્રસંગો

- સ્ટાફ સાથે સંપર્ક: પ્રશ્નો અથવા ચિંતાઓ
- ઑનલાઇન લર્નિંગ પ્લેટફોર્મ
- વિદ્યાર્થી મૂલ્યાંકન
- માનસિક આરોગ્ય સંસાધનો

## વિદ્યાર્થીઓ માટે ઑનલાઇન સલામતી

આ સમય દરમિયાન જ્યારે ઘણા વિદ્યાર્થીઓ ઑનલાઇન સમય ઘણો વધારે પસાર કરે છે, ત્યારે ઑનલાઇન સલામતી પદ્ધતિઓને મજબૂત કરવી એ અત્યંત અગત્યનું છે. ઈન્ટરનેટ આપણા સમુદાયોને શીખવાની અને એક બીજાથી જોડાવાની ઘણી તકો પૂરી પાડે છે, પરંતુ તે યુવાઓને સાયબર સતામણી, સોશિયલ મીડિયાનો અયોગ્ય ઉપયોગ, ગોપનીયતાની સમસ્યાઓ વગેરે માટે જોખમમાં પણ મુકી શકે છે. તમારા પરિવાર સાથે ઑનલાઇન સલામતી વિશેની ચર્ચાઓને ટેકો આપવા માટેની માહિતી તમને નીચે મળી રહેશે. જો આપણે - માતાપિતા/વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકો - સાથે મળીને કામ કરીએ, તો આપણે આપણા વિદ્યાર્થીઓને ઑનલાઇન જોખમોથી સુરક્ષિત રાખવામાં મદદ કરી શકીએ છીએ.

આ રહી માતાપિતા/વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે સલામતીની કેટલીક ચાવીરૂપ સલાહો:

- વિદ્યાર્થીઓએ અંગત માહિતી, જેવી કે તેમનો ફોન નંબર, સરનામું, સોશ્યલ ઈન્શ્યોરન્સ નંબર, જન્મ તારીખ, અંગત તસવીરો અથવા નાણાંકીય વિગતો, પુખ્ત વયની વ્યક્તિની પરવાનગી વિના ઈન્ટરનેટ પર શૅર કરવી જોઈએ નહીં;
- જો વિદ્યાર્થીઓ કોઈ સંદેશ, કોમેન્ટ, ફોટો અથવા બીજું કંઈપણ ઑનલાઇન જુએ છે જે તેમને પોતાની વ્યક્તિગત સલામતી માટે ચિંતા ઉભી કરે છે અથવા અસ્વસ્થ કરે છે, તો તેઓએ તેને તરત જ પુખ્ત વયની વ્યક્તિના ધ્યાન પર લાવવું જોઈએ; અને
- માતાપિતા/વાલીઓએ જાગૃત રહેવું જોઈએ અને દેખરેખ રાખવી જોઇએ કે તમારું બાળક જે વેબસાઇટ્સ, વિડીયો ગેમ્સ અને એપ્લિકેશન્સનો ઉપયોગ કરે છે તે યોગ્ય છે અને તેનો ઉપયોગ સલામત રીતે કરે છે.

વધુ માહિતી માટે કૃપા કરીને TDSB Online Safety web page ની મુલાકાત લો.

## ઑનલાઇન લર્નિંગ પ્લેટફોર્મ અને વેબ કોન્ફરન્સિંગ

TDSB વિદ્યાર્થીઓ સાથે દૂરથી જોડાવા માટે શિક્ષકોને ઑનલાઇન શિક્ષણ પ્લેટફોર્મ અને વિડીયો કોન્ફરન્સિંગના વિકલ્પો પૂરા પાડે છે. એ શિક્ષકનો અંગત નિર્ણય હોય છે કે કયા પ્લેટફોર્મ (ઓ)નો ઉપયોગ કરવો અને વિદ્યાર્થીઓ તથા પરિવારોને કેવી રીતે સમાવવાં. તે પોતાના જ્ઞાન અને અનુકૂળતા તેમજ વિદ્યાર્થી અને કૌટુંબિક સંજોગોને ધ્યાનમાં રાખીને કરતા હોય છે. વિદ્યાર્થીઓ અને પરિવારો માટે એ યાદ રાખવું અગત્યનું છે કે દરેક વર્ગ માટે દૂરથી અપાતું શિક્ષણ અલગ અલગ હશે અને તે શિક્ષકના વ્યાવસાયિક નિર્ણય પર આધારિત હશે.

વિડીયો કોન્ફરન્સિંગનો ઉપયોગ કરવા માટે શિક્ષકોનું સ્વાગત છે, પરંતુ તેમ કરવું આવશ્યક નથી. અમારું સામાન્ય ધ્યેય તમામ વિદ્યાર્થીઓને સામેલ કરવાનું છે. આ ઘણી રીતે તથા વિવિધ વ્યૂહરચનાઓ અને ઑનલાઇન સાધનોનો ઉપયોગ કરીને પરિપૂર્ણ થશે. આપણી અપેક્ષા છે કે કિન્ડરગાર્ટનમાં શિક્ષકો અને પ્રારંભિક બાળપણના નિમાયેલા શિક્ષકો પાસે તેમના બધા વિદ્યાર્થીઓ સાથે નિયમિત જોડાવાની એક પદ્ધતિ હશે કે જેનાથી એ સુનિશ્ચિત થાય કે વિદ્યાર્થીઓ શિક્ષણ કાર્ય અને સંસાધનોને સુલભ કરી શકે, વિદ્યાર્થીઓની

સુખાકારીને તે ચકાસી શકે અને વિદ્યાર્થીઓને પ્રતિક્રિયા આપી શકે.

અમે સમજીએ છીએ કે જે પરિવારોના વિદ્યાર્થીઓ શિક્ષણની વિશિષ્ટ જરૂરિયાતવાળા હોય અથવા અંગ્રેજી ભાષા શીખનારા હોય તેમની વિશિષ્ટ શિક્ષણ આવશ્યકતાઓને ટેકો આપવા માટે ખાસ ધ્યાન આપવાની જરૂર પડી શકે છે. ટીડીએસબીમાં વિભિન્નતાવાળા અમારા બધા શીખનારાઓને સમર્થન આપવું એ એક અગ્રતા છે. શિક્ષકો તથા ઈ.એસ.એલ./ઈ.એલ.એલ. સ્ટાફ પ્રોગ્રામને વ્યક્તિગત કરવા વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓ અને જરૂરિયાતોને આધારે વ્યક્તિગત કાર્યક્રમ ઘડવા માટે શાળાના અન્ય કર્મચારીઓ સાથે સહયોગ કરવાનું ચાલુ રાખે છે, જે ખાસ શિક્ષણની આવશ્યકતાઓ ધરાવતા વિદ્યાર્થીઓ માટે આઈ.ઈ.પી.માં દર્શાવેલ છે જેઓ ઓન્ટારીઓ અભ્યાસક્રમ અથવા વૈકલ્પિક અભ્યાસક્રમ અથવા અંગ્રેજી ભાષા શીખનારા છે. શિક્ષણને ટેકો આપવા માટે પરિવારોને સંસાધનો અને પૂરક સાધનોને સુલભ કરવા માટે વિશેષ શિક્ષણ સંસાધનો Special Education Resources અથવા ઈએસએલ સંસાધનો ESL Resources પેજની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## વિદ્યાર્થીઓને ઉપકરણ વિતરણ

દૂરસ્થ શિક્ષણને સુલભ કરવા માટે ઉપકરણની જરૂર હોય તેવા વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે, અમે વિદ્યાર્થીઓને ઉપકરણો લોન પર આપવાની વ્યવસ્થા કરી છે. તમે કલ્પના કરી શકો છો એમ, અમને મોટી સંખ્યામાં વિનંતીઓ મળી છે - આશરે 29,000 પરિવારોને ઉપકરણોની જરૂર પડે છે - પરંતુ સ્ટાફ આ ઉપકરણોને શક્ય તેટલી વહેલી તકે તૈયાર કરવા અને વહેંચવા માટે રાત-દિવસ કાર્યરત છે. પરિવારો ઘરે સુરક્ષિત રહી શકે તે સુનિશ્ચિત કરવા અમારાં ઉપકરણો સીધા અમારા વિદ્યાર્થીઓના ઘરે પહોંચાડવાનો અમે નિર્ણય લીધો છે. આ વિકલ્પ વધુ સમય લેશે, પરંતુ આપણા સમુદાયોની સલામતી એ અમારી અગ્રતા છે. જો તમારું બાળક કોઈ ઉપકરણ પ્રાપ્ત કરે છે, તો તકનીકી સમસ્યાઓવાળા પરિવારોને અમે ટેકો પૂરો પાડીશું. ઉપકરણની ડિલિવરી સાથે પણ અમે આ માહિતી સામેલ કરીએ છીએ. ઉપકરણની સમસ્યાઓની જાણ કરવા માટે વિદ્યાર્થીઓ તેમના શિક્ષકોનો પણ સંપર્ક કરી શકે છે.

અમે એ પણ સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે વિશિષ્ટ શિક્ષણની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ પાસે દૂરસ્થ શિક્ષણને ટેકો આપવા માટે વિશેષ શિક્ષણ રકમ (એસઈએ) Special Education Amount (SEA) સાધનની સુલભતા હોય. વિદ્યાર્થીઓને ક્રોમબુક અથવા ચોક્કસ અને વિશિષ્ટ ઉપકરણો પહોંચાડવામાં આવે છે તેની ખાતરી કરવા માટે પરિવારો અને શાળાઓ વિશેષ શિક્ષણ Special Education SEA ટીમ, OT/PT ટીમ અને IT ટીમ સાથે સહયોગ કરશે.

## વિદ્યાર્થી મૂલ્યાંકન

હું જાણું છું કે આ માહિતી તમારી સાથે અગાઉ શૅર કરવામાં આવી છે, પરંતુ એ અગત્યનું છે કે તમે અને તમારું બાળક દૂરસ્થ શિક્ષણની મૂલ્યાંકન પ્રક્રિયાને સમજો:

**પ્રારંભિક (એલિમેન્ટ્રી) વિદ્યાર્થીઓ માટે**, વિદ્યાર્થી-શિક્ષણના પુરાવા એકઠા કરવા માટે શિક્ષકો વિવિધ અભિગમોનો ઉપયોગ કરશે અને વિદ્યાર્થીઓને તેમની પ્રગતિ પર અર્થપૂર્ણ પ્રતિસાદ આપશે. કોઈ વિષયના ક્ષેત્રમાં અંતિમ ગ્રેડ આપતી વખતે પૂર્ણાહુતિના સમયગાળા દરમિયાન, ભણતરમાં નોંધપાત્ર સુધારણાના પુરાવા, શિક્ષક દ્વારા ધ્યાનમાં લેવામાં આવી શકે છે. અન્યથા, ગ્રેડ 1 થી 8 ના

Toronto District School Board

વિદ્યાર્થીઓને 13 માર્ચ, 2020 ના રોજ શાળાઓ બંધ થઈ ત્યાં સુધીમાં તેમના ભણતરના આધારે મેળવેલ ગ્રેડ આપવામાં આવશે. કિન્ડરગાર્ટનથી ગ્રેડ 8 સુધીના તમામ વિદ્યાર્થીઓ જૂનનું રિપોર્ટ કાર્ડ મેળવશે.

ઓન્ટારીઓ યુનિવર્સિટીઝ એપ્લિકેશન સેન્ટર (ઓયુએસી) Ontario Universities' Application Centre (OUAC) અને ઓન્ટારીઓ કોલેજ એપ્લિકેશન સર્વિસ (ઓસીએએસ) Ontario College Application Service (OCAS) ને ગ્રેડ રિપોર્ટ તૈયાર કરવા માટેની અંતિમ તારીખને પહોંચી વળવા માટે 27 મી એપ્રિલ સુધીમાં **ફક્ત ગ્રેડ 12** ના વિદ્યાર્થીઓ માટે મીડ-ટર્મ માર્ક્સ દાખલ કરવામાં આવશે. માર્ક્સ 13 માર્ચ, 2020 સુધીના કામને (સેમેસ્ટર સ્કૂલના સેમેસ્ટરની શરૂઆતથી અથવા નોન-સેમેસ્ટર સ્કૂલના છેલ્લા પ્રાદેશિક રિપોર્ટ કાર્ડમાંથી) પ્રતિબિંબિત કરશે. તેમ છતાં, શિક્ષકો તે એસાઇન્મેન્ટ્સ સ્વીકારી શકે છે જે 13 માર્ચ પહેલાં બાકી હતાં અને તેઓ વિદ્યાર્થીઓને તેમનું શિક્ષણ દર્શાવવાની તકો પૂરી પાડવા માટે 6 એપ્રિલ પછી વધારાનાં એસાઇન્મેન્ટ્સ સોંપી શકે છે. આ એસાઇન્મેન્ટ્સ જો 13 માર્ચના તેમના માર્કને સુધારે તો જ મીડ-ટર્મના માર્ક માટે ધ્યાનમાં લેવામાં આવશે.

**સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓ** માટે, શિક્ષકો દૂરસ્થ શિક્ષણ દરમિયાન ટાસ્ક, પ્રોજેક્ટ્સ અને અંતિમ પ્રવૃત્તિઓ સોંપશે અને પ્રતિસાદ આપશે; તેમ છતાં, આ કાર્ય ફક્ત ત્યારે જ અંતિમ ગુણ માટે ધ્યાનમાં લેવામાં આવશે જ્યારે તે વિદ્યાર્થીના માર્કમાં સુધારો કરે. જો નહીં, તો જૂનમાં પ્રસ્તુત કરવામાં આવેલા અંતિમ ગુણ, 13 માર્ચ, 2020 સુધીમાં પૂર્ણ થયેલા કાર્યને પ્રતિબિંબિત કરશે.

અમે સમજીએ છીએ કે પરિવારો દૂરસ્થ શિક્ષણ દરમિયાન ઉભી થતી શિક્ષણની અડચણો વિશે ચિંતાતુર હોઈ શકે છે. જ્યારે શાળા બંધ થવાનો સમયગાળો સમાપ્ત થશે અને પછી પાનખરમાં જશે, ત્યારે અમે દરેક વિદ્યાર્થીની શીખવાની આવશ્યકતાઓને સમજવા તથા જરૂર પડે ત્યાં ખૂબ હેતુપૂર્વક યોગ્ય હસ્તક્ષેપ કરીશું.

તમામ વિદ્યાર્થીઓ ઑનલાઇન અથવા પ્રિન્ટ સ્રોતો દ્વારા શીખવાનું સુલભ કરવા માટે સક્ષમ હોવા જોઈએ. કેટલાક વિદ્યાર્થીઓને આવતા થોડા મહિનાઓ સુધી અમે કઈ રીતે માર્ક આપવામાં આગળ વધીએ છીએ તેને લીધે શીખવાનું ચાલુ રાખવા પ્રેરણા ન મળી શકે, પરંતુ અમે વિદ્યાર્થીઓને, જ્યાં પણ શક્ય હોય ત્યાં, તેમના શિક્ષણમાં સામેલ રહેવાનું જણાવીએ છીએ. આ જ્યારે અમે નિયમિત વર્ગખંડની વ્યવસ્થામાં અને શાળાના વાતાવરણમાં પરત ફરવા સક્ષમ થઈશું ત્યારે વિદ્યાર્થીઓને મદદ કરશે. જો કોઈ વિદ્યાર્થી ઘરે શીખવાનું ચાલુ રાખવા ભાગ લેવામાં અસમર્થ લાગે, તો પણ અમે કહીએ છીએ કે તેઓ હજી પણ તેમની શાળા સાથે અને તેમના શિક્ષક સાથે જોડાયેલા રહે.

## ફિલ્ડ ટ્રીપ્સ, સ્નાતક સમારોહ અને અન્ય પ્રસંગો

અમારી પાસે આગામી ફીલ્ડ ટ્રિપ્સ, ગ્રેજ્યુએશન સમારોહ, પ્રોમ્સ અને અન્ય ઘણી પ્રવૃત્તિઓ વિશે ઘણા પ્રશ્નો છે. હવે પછીનાં અઠવાડિયાં વિશેની અનિશ્ચિતતાને જોતાં, અમે શાળા-વર્ષની બાકીની બધી ફિલ્ડ ટ્રિપ્સ અને રાત રોકાવાની યાત્રાઓને રદ કરવાનો

મુશ્કેલ નિર્ણય લીધો છે. અન્ય તમામ પ્રવૃત્તિઓ, જેમ કે ગ્રેજ્યુએશન સમારોહ અને પ્રોમના સંદર્ભમાં, અમે ખૂબ જ ટૂંક સમયમાં આ વિગતોની પુષ્ટિ કરવા માટે કામે લાગેલા છીએ.

## માનસિક આરોગ્ય અને સંસાધનો

અમે સમજીએ છીએ કે ઘણા પરિવારો માટે આ એક પડકારજનક સમય છે અને તે અલગતા માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને અસર કરી શકે છે. જો જરૂર હોય તો, કૃપા કરીને અમારા માનસિક આરોગ્ય અને સુખાકારી Mental Health and Well-being વેબ પેજ પર ઉપલબ્ધ સ્વ-સહાય અને સેવા પૂરી પાડનારાઓ પરની મૂલ્યવાન માહિતી મેળવો. શારીરિક અને માનસિક રીતે આપણા સમુદાયોને સલામત રાખવામાં મદદ કરવા માટે આપણે સાથે મળીને કાર્ય કરવું મહત્વપૂર્ણ છે.

## અમે અમારા પરિવારોને ટેકો આપીશું

હું તમારી હિસ્સેદારી અને ધીરજની કેટલી બધી પ્રશંસા કરું છું તે ફરીથી ભારપૂર્વક કહેવા માંગું છું. તમારા બાળકના શિક્ષણ પ્રત્યેના સતત સમર્થન અને પ્રતિબદ્ધતા માટે અને ટોરન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડના તમામ વિદ્યાર્થીઓના શિક્ષણ બદલ આભાર. આપણે જાણીએ છીએ કે રસ્તામાં મુશ્કેલીઓ અને સમાયોજનો થશે, પરંતુ આપણે આ પડકારોને એક સાથે મળીને પાર કરીશું. અત્યારે જે સૌથી અગત્યનું છે તે એ છે કે તમે અને તમારા પરિવારજનો આ મુશ્કેલ સમયમાં સલામત રહો.

જો તમારા કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને તમારા બાળકના શિક્ષકને સીધા જ ઈમેઈલ કરો. જો વધુ મદદની જરૂરિયાત હોય, તો કૃપા કરીને શાળાના આચાર્યનો સંપર્ક કરો. જો તમારી પાસે શાળા-આધારિત પ્રશ્ન હોય, પરંતુ ઈમેઈલની સવલત ન હોય તો, કૃપા કરીને તમારી શાળાને ફોન કરો, એક સંદેશ મૂકો અને કોઈ તમને શક્ય એટલી વહેલી તકે પરત ફોન કરશે. જો તમારી પાસે સિસ્ટમ આધારિત પ્રશ્ન હોય, તો કૃપા કરીને તમારા અધિક્ષકને ઈમેઈલ કરો. જો તમારી પાસે ઈમેઈલની સવલત ન હોય, તો કૃપા કરીને તમારા અધિક્ષકની ઓફિસ Superintendent's Officeને ફોન કરો, સંદેશ મૂકો અને કોઈ શક્ય એટલી વહેલી તકે તમને પરત ફોન કરશે. તમારી શાળા માટેની સંપર્ક માહિતી માટે, કૃપા કરીને તમારી શાળા શોધો Find Your School વેબપેજની મુલાકાત લો. હંમેશની જેમ, નવીનતમ જાણકારીઓ માટે, કૃપા કરીને ટીડીએસબી વેબસાઈટ TDSB website ની મુલાકાત લો.

ફરીથી એકવાર, તમારી અને તમારા પરિવારની કાળજી રાખશો.

આપનો વિશ્વાસુ,

John Malloy
Director of Education